## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અમે આખું વર્ષ... સ્વચ્છતા અભિયાન માટે મેરેથોન દોડ્યા... શેરીઓ વાળી, ... અને તે ધુળેટી રમીને... સ્વચ્છતા પર પાણી ફેરવી દીધું...!!

# રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી હાથ ધરવાના વિકાસ કામો વધુ એક વખત અટવાયા

ગાંધીનગર, તા.૧૪

રાજય ચૂંટણી પંચ દ્વારા આજે પંચાયતોની ચૂંટણીના બીજા તબક્કાનો કાર્યક્રમ જાહેર કરતાં જ સ્થાનિક કક્ષાએ હાથ ધરવાના તથા વિકાસ કામોને વધુ એક બ્રેક લાગી છે.

જિલ્લામાં રેતી કાંકરીની ગ્રાન્ટમાંથી રૂ. ૩ કરોડથી વધુના કામો હાથ ધરવાના થાય છે. આ ઉપરાંત સભ્યોની વિકાસ ગ્રાન્ટમાંથી પણ કેટલાક કામોને મંજૂરી આપવાની પ્રક્રિયા અટવાયેલી હોવાથી તે બધા જ કામો હવે આચાર સંહિતાને પગલે અટવાઈ જવા પામ્યા છે.

રેતી કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસના કામો માટે સભ્યો દ્વારા અગાઉ કામો સૂચવવામાં આવ્યા હતા. પરંતુ પ્રમુખશ્રી દ્વારા તેમાં કેટલાક સુધારા સૂચવવા માટે જણાવાતાં તે કામો હવે ફાઈલોમાં અટવાઈ જવા પામ્યા છે.

રેતી કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસના કામો માટે સરકાર દ્વારા નવી માર્ગદર્શક સૂચનાઓ આવતાં આ કામો છેલ્લા એક વર્ષથી અટવાયેલા પડયા છે. હવે આચારસંહિતાને લઈ આ કામોમાં વધુ વિલંબ થશે.

વિકાસના કામોને લઈ પંચાયતના સભ્યોએ પંચાયત પ્રમુખને મળી અગાઉ પણ રોષ વ્યકત કર્યો હતો જે ઉલ્લેખનીય છે.

આ ઉપરાંત સભ્યોને આપવામાં આવતી વિકાસની ગ્રાન્ટમાંથી પણ કેટલાક કામોને હજુ તકનીકી અને વહીવટીય મંજૂરી બાકી હોવાની વાત પણ પંચાયત પરિસરમાં ચર્ચાતી સાંભળવા મળી હતી જે પણ આચારસંહિતાને લઈ અટવાઈ જશે.

# ભાટ ગામની સીમમાંથી ત્રણ જુગારીઓ ઝડપાયા

હોળીના તહેવારમાં ભાટ ગામની સીમમાં ખુલ્લા ખેતરમાં પાના-પત્તાનો હાર-જીતનો જુગાર રમતા ત્રણ શખ્સોને અડાલજ પોલીસે ઝડપી પાડ્યા છે. અડાલજ પોલીસને જુગારીઓ પાસેથી રોકડ રૂ.૨૦,૭૦૦ તેમજ બે મોબાઈલ ફોન કિંમત રૂ.૪૦૦૦ મળીને કુલ રૂ.૨૪,૭૦૦ નો મુદામાલ કબ્જે લઈ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હોળીના પવિત્ર તહેવારમાં દારુ-જુગારની અસામાજીક પ્રવૃતિને અટકાવવા તેમજ શોધી કાઢવા માટે ગાંધીનગર જિલ્લા એસપી વિરેન્દ્રસિંહ યાદવની તેમજ નાયબ પોલીસ અધિક્ષક વી.એન.સોલંકી કલોલની સુચનાથી પોલીસ ઈન્સ્પેકટર બી.એન.દવેના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.સી.સરવૈયા તા.૧૨ માર્ચના રોજ તહેવાર નિમિતે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ભાટ ગામની ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો પાના પત્તાનો હારજીતનો જુગાર રમે છે. તેવી ખાનગી રાહે મળેલ બાતમીના આધારે પોલીસ સ્ટાફ પો.કોન્સ્ટેબલ ધવલસિંહ બળદેવસિંહ, મહેન્દ્રસિંહ વિષ્ણુસિંહે રેઈડ કરતા સ્થળ પરથી મનુજી જગુજી ઠાકોર રહે.ભાટ ગામ હાઉસીંગ બોર્ડ તા.જી. ગાંધીનગર, દશરથ નાનજી રાવળ રહે.ભાટ ગામ નવીન પાણીની ટાંકી પાસે, ભલાજી જેણાજી ઠાકોર રહે.ભાટ ગામ, જી.કે.ફાર્મમાં પાસેથી ત્રણેય જુગારીઓને જુગાર રમવાના સાહિત્ય તેમજ રોકડ રૂ.૨૦,૭૦૦ તેમજ બે મોબાઈલ ફોન કિંમત રૂ.૪૦૦૦ મળીને કુલ રૂ.૨૪,૭૦૦નો મુદ્દામાલ ઝપ્ત કરીને અડાલજ પોલીસે જુગાર ધારાની કલમ હેઠળ ગુનોં નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પોર ગામે ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૪

હોળીના તહેવારમાં પોર ગામની સીમમાં ખુલ્લા ખેતરમાં પાના-પત્તાનો હાર-જીતનો જુગાર રમતા ત્રણ શખ્સોને અડાલજ પોલીસે ઝડપી પાડ્યા છે. અડાલજ પોલીસને જુગારીઓ પાસેથી રોકડ રૂ.૧૩,૮૩૦નો મુદ્દામાલ કબ્જે લઈ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ હોળીના પવિત્ર તહેવારમાં દારુ-જુગારની અસામાજીક પ્રવૃતિને અટકાવવા તેમજ શોધી કાઢવા માટે ગાંધીનગર જિલ્લા એસપી વિરેન્દ્રસિંહ યાદવની તેમજ નાયબ પોલીસ અધિક્ષક વી.એન.સોલંકી કલોલની સુચનાથી પોલીસ ઈન્સ્પેકટર બી.એન.દવેના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.સી.સરવૈયા તા.૧૩ માર્ચના રોજ ધુળેટીના તહેવાર નિમિતે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પોર ગામની સીમમાં ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો પાના પત્તાનો હારજીતનો જુગાર રમે છે. તેવી ખાનગી રાહે મળેલ બાતમીના આધારે પોલીસ સ્ટાફના પો.કોન્સ્ટેબલ ગીરીશભાઈ પ્રવીણભાઈ, ધવલસિંહ બળદેવસિંહ, વિષ્ણુભાઈ ભીખાભાઈએ ખાનગી રાહે રેઈડ કરતા સ્થળ પરથી જય રાજુભાઈ પટેલ ઉ.૨૪ રહે. પોર ગામ રામજી મંદિર પાસે, જીગ્નેશ નાથાભાઈ પટેલ ઉવ.૩૪ રહે હાલ, ચાંદખેડા, ન્યું સીજી રોડ મ.ન.૧૦૫ મારુતિ ફલેટ-૩ એપાર્ટમેન્ટ, મુળ રહે. પોર ગામ મુખીભાગ તા.ગાંધીનગર તેમજ રાકેશ કનુભાઈ પટેલ, મુખીવાસ પોર ગામ પાસેથી ત્રણેય જુગારીઓને જુગાર રમવાના સાહિત્ય તેમજ રોકડ રૂ.૧૩,૮૩૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને અડાલજ પોલીસે જુગાર ધારાની કલમ હેઠળ ગુનોં નોંધી વધુ તપાસ પીએસઆઈ પી.સી.સરવૈયા ચલાવી રહ્યા છે.



ગાંધીનગર શહેરના સેક્ટર-૩-ન્યુ સ્થિત કેસરીયા વનમાં ડુંગળી ગરાસીયા સમાજ દ્વારા પરંપરાગત રીતે હોળી-ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યુવકો મોટા ઢોલ નગારા વગાડી આનંદ વ્યક્ત કર્યો હતો. જ્યારે મહિલાઓએ લેઝીમ વગાડતા નજરે પડ્યા હતા. કેસરીયા વનમાં ડુંગરી ગરાસીયા સમાજની ધૂળેટી પર્વની મોજ માણવા શહેરના તેમજ સેક્ટરના રહિશો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા.



આજથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. વોર્ડ નં. ૭ના કોર્પોરેટરો તરફથી સેક્ટર-૩, ૫, ૬માં રહેતા અને આ વર્ષે પરીક્ષા આપનાર બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા રૂપે રક્ષાપોટલી અને બોલબેન આપવામાં આવી હતી.

# ધુળેટીએ સ્વિમીંગ પુલમાં ડુબી જવાથી યુવાનનું મોત

ગાંધીનગરમાં એક ખાનગી રિસોર્ટ ખાતે ધુળેટીના પર્વ નિમિત્તે આયોજિત ટોમેટો ફેસ્ટિવલમાં સ્વિમીંગ પુલમાં ડૂબી જવાથી એક યુવાનનું મોત થવા પામ્યું હતું. આ યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લવાયો હતો. પરંતુ સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં સ્તવન એપાર્ટમેન્ટ ખાતે રહેતો અને ગાંધીનગર ખાતેની ટીસીએસ કંપનીમાં કાર્યરત યુવક શૈષવ ચૌહાણ તેના મિત્રો સાથે ધુળેટી રમવા ખાનગી રિસોર્ટમાં આયોજિત ટોમેટો ફેસ્ટિવલ તથા રેઈનડાન્સમાં ભાગ લેવા આવ્યો હતો. આ દરમિયાન તે રિસોર્ટના સ્વિમિંગ પુલમાં ન્હાવા પડયો હતો જયાં તે ડૂબવા લાગ્યો હતો. આથી શૈષવને તુરંત જ મિત્રો દ્વારા સ્વિમિંગ પુલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને તે વધુ પાણી પી ગયો હોવાથી તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે લવાયો હતો. જો કે અહીં સારવાર દરમિયાન ફરજ પરના ડોકટર્સે તેને મૃત જાહેર કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે શૈષવને જયારે તેના મિત્રો સિવિલ હોસ્પિટલ લઈને આવ્યા ત્યારે સિવિલ હોસ્પિટલમાં તબીબોએ તથા મેડિકલ ટીમે સમયસર સારવાર આપી નહોતી અને સારવાર આપવામાં વિલંબ થવાથી શૈષવનું બચવું અશકય બન્યું હતું તેવો સાથી મિત્રોએ આક્ષેપ કર્યો હતો. આ સાથે શૈષવ જયારે સ્વિમિંગ પુલમાં ડુબી રહ્યો હતો ત્યારે ટોમેટો ફેસ્ટિવલમાં હાજર અન્ય ખેલૈયાઓ તથા તેના સાથી મિત્રોએ તેને બહાર કાઢવા પ્રયત્ન કર્યો ત્યારે સ્વિમિંગ પુલમાં અનેક ઘેરૈયાઓના ન્હાવાને કારણે પાણી ડહોળું થઈ જવાથી શૈષવને બહાર કાઢવામાં તકલીફ પડી હતી જેના કારણે પણ તેની હાલત વધુ ગંભીર બની હતી. આ ઘટના અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## છાલા ગામની સિમમાંથી મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર જિલ્લાના ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલ છાલા ગામની સીમમાં ગત રોજ એક પાંત્રીસ વર્ષિય યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. મૃતદેહ મળી આવ્યો હોવાની જાણ ગામમાં વાયુવેગે પ્રસરતા ગામના નાગરીકો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. પ્રાપ્ત માહિતી મુજબ મૃતદેહની ઓળખ ગામના નાગરીકોએ કરી દીધી હતી. મૃતક યુવાન છાલા ગામનો જ રહેવાસી ઈશ્વર લક્ષ્મણભાઈ રાવળ ઉં-આશરે ૩૫ વર્ષિય હોવાનું ધ્યાને આવ્યું હતું. યુવાન પોલીસે બનાવ અંગે ગુનોં નોંધી મૃતદેહ પીએમ અર્થે મોકલી આપી મૃતક કેવી રીતે મૃત્યુ પામ્યો તેની વધુ તપાસ હાથ ધરી છે.

# ખેતરની ઓરડી પાછળ સંતાડેલો વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર જિલ્લામાંથી દારુની બદી દુર કરવા માટે ગાંધીનગર એસપી અને નાયબ અધિક્ષકના આદેશને પગલે ડભોડા પોલીસ મથકના પીએસઆઈ ડી.બી.વાળાને પ્રાંતિયા ગામમાં રહેતા લક્ષ્મણજી મંગાજી ઠાકોરે પોતાના ખેતરની ઓરડીની પાછળની બાજુએ વિદેશી દારુની બોટલો સંતાડી છે તેવી બાતમી મળતા સ્ટાફના એ.એસ.આઈ બાબુભાઈ રામાભા, પોલીસ કોન્સ્ટેબલ બાબુસિંહ ગુલાબસિંહ તેમજ શૈલેષસિંહ નટુજીએ રેઈડ કરતા લક્ષ્મણજીના મકાનની પાછળ ઘાસની નીચે સંતાડેલ વિદેશી દારુની ૪૮૦ બોટલ કુલ કિં.૪૮૦૦૦ નો મુદામાલ ઝડપી પાડ્યો છે.

# મધર ડેરી પાસે ટ્રકની અડફેટે બાઈકચાલક યુવાનનું મોત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં વાહનોની સંખ્યામાં ધરખમ વધારો થવા પામ્યો છે.



જયારે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેના ચકાચક માર્ગો પર વાહન ચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકારી ગમે ત્યારે અકસ્માત સર્જે છે. ગતરોજ મધર ડેરી પાસે એક ટ્રક ચાલકે બાઈક ચાલકને અડફેટે લઈ અકસ્માત સર્જયો હતો.આ બનાવમાં ટ્રકની ટક્કરથી ઘાયલ યુવાનનું સ્થળ પર જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલ નાના ચિલોડા આનંદનગર સોસાયટી ખાતે પ્રતિક રહેતો હતો અને ચાંદખેડામાં નોકરી કરતો હતો. ગઈકાલે પણ નિયમ અનુસાર પોતાનું બાઈક નં-જી.જે.૧૮.સી.સી.૮૦૯૧ લઈને નોકરી જવા ઘરેથી નીકળ્યો હતો. ત્યારે મધર ડેરી પાસે પાછળથી આવી રહેલી ટ્રકના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. બાઈક સાથે પ્રતિક પણ રોડ પર ગંભીર રીતે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને પગલે આશાસ્પદ યુવાનનું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું. અકસ્માતને પગલે સમગ્ર રોડ પર જતા વાહનચાલકો એકઠા થઈ જતા માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. બનાવની જાણ પોલીસને થતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી હતી અને ટ્રક ચાલક વિરુધ્ધ અડાલજ પોલીસે ગુનોં નોધી વધુ તપાસ હાથ ધરી છે.



## ચિલોડા ગામે હોળી-ધૂળેટી પર્વની ધામધૂમથી ઉજવણી

તાલુકાના ચિલોડા ગામે મુખ્ય ચોક વિસ્તારમાં દર વર્ષની જેમ હોળી-ધૂળેટી પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. ગામના ક્ષત્રિય યુવક મંડળ આયોજિત બહુચરમાતાજી મંદિર પાસે હોલિકાદહન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગામના શ્રધ્ધાળુ મહિલા, યુવકો અને આબાલવૃદ્ધ સૌએ હોલિકાદહનમાં ધાણી, શ્રીફળ, સોપારી હોમી પ્રદક્ષિણા કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ ધૂળેટી પર્વ ઉજવણીના ભાગરૂપે ઠાકોર યુવકમંડળ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ સાંજે ગામના મુખ્ય ચોક પાસે રામાયણ મહાભારત દેવદેવીના પાત્રોનો વેશભુષા ધારણ કરી ખેલૈયારૂપી ખેલ રમ્યા હતા. આ પ્રસંગે ગામના ભાવિકજનો મોટી સંખ્યામાં ખેલ નિહાળવા ઉમટ્યા હતા.

# ધુળેટીના પર્વે સાબરમતિ નદીમાં ન્હાવા પડેલા બે યુવકો ડુબતા મોત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં હોળી-ધુળેટી પર્વની હર્ષોઉલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. રંગોના તહેવારને નાગરીકોએ મન ભરીને માણ્યો હતો. વિવિધ રંગોથી મનથી ભીંજાયેલા યુવક-યુવતિઓ સાબરમતિ નદી અને નર્મદાની સાયફન કેનાલ પાસે જયાંથી કેનાલનું પાણી નદીમાં નાંખવામાં આવે છે. તે સ્થળ યુવાનો માટે હોટ ફેવરીટ હોય છે. ત્યારે ધુળેટીના પર્વમાં પોતાના ચહેરા પણ વિવિધ રંગ સાથે ચહેરો પણ ના ઓળખાય તેવો હોય છે.તેવા સમયમાં મિત્રો સાથે નદીમાં ન્હાવાની મોજ માણતા યુવકોને આ મોજ ભારે પણ પડી શકે છે. ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ સાબરમતિ નદીના ભાટ કિનારે પાસે ગતરોજ અમદાવાદના બે યુવાનો ધુળેટી પર્વની સાંજે નદીમાં સ્નાન કરવા પડેલા બે યુવકો પાણીના પ્રવાહમાં ડુબી ગયા હતા. આ યુવાનો ડુબ્યા હોવાની વાત વાયુવેગે પ્રસરતા ચકચાર મચી જવા પામી હતી. બંન્ને યુવાનોના પરિવાર અને તંત્રએ સાબરમતિ નદીના વિસ્તારમાં ભારે શોધખોળ કરી હતી. પરંતુ મૃતદેહ મળ્યા ન હતા. ત્યારે ડબુલા બંન્ને યુવકોના મૃતદેહ મંગળવારે કોટેશ્વર મહાદેવ મંદિર પાસે સાબરમતિ નદીમાંથી મળી આવ્યા છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

જાગો ગ્રાહક જાગો

ગ્રાહક જાગૃતિ અભિયાન

જાગૃત ગ્રાહક, સુરક્ષિત ગ્રાહક
ગુજરાત રાજ્ય

"વિશ્વ ગ્રાહક દિન"

૧૫મી માર્ચ-૨૦૧૭

"ડિજીટલ યુગમાં ગ્રાહકોના અધિકારો"

ગ્રાહકના અધિકારો

✓ સલામતીનો
✓ માહિતી મેળવવાનો
✓ પસંદગીનો
✓ ફરિયાદ કરવાનો
✓ વળતર મેળવવાનો
✓ શિક્ષણ મેળવવાનો

ગ્રાહકોની ફરજો

- ખોરાકની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરવી તે ગુનો બને છે
- બિલ-રસીદ લેવાનો આગ્રહ રાખો
- વજન-માપ, ગુણવત્તા તથા કિંમત જાણીને ખરીદો
- એગમાર્ક, એફપીઓ અને એચએસીસીપી માર્કાવાળા ખાદ્યપદાર્થો ખરીદવાનો આગ્રહ રાખવો
- હોલમાર્કવાળા આભૂષણો/ઝવેરાત/દાગીના ખરીદવાનો આગ્રહ રાખવો
- આપના સંબંધિત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ દાખલ કરો
- ખરીદીમાં છેતરપિંડી થઈ હોય, અપૂરતી સેવા મળી હોય તો, માન્ય ગ્રાહક મંડળો અથવા જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારી (કલેકટર કચેરી) ના અથવા મદદનીશ નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અથવા તાલુકામાં મામલતદારશ્રી અથવા નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક બાબતોની કચેરી, એમ.એસ. બિલ્ડીંગ, બી-બ્લોક બીજો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગરનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવો. ફોન: ૦૭૯ ૨૩૨૧૦૦૧૫

આ સમય છે..... ગ્રાહક જાગૃતિ કેળવવાનો

અધિકારો અંગે સજાગ બનો અને ઉપાયોનો લાભ લો

અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પ લાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ (ટોલ ફ્રી)